
www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
અટરીયા, ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૨૬ | ૨૫ ઓક્ટોબર, ૨૦૧૮, ગુરૂવાર; આસો વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### મહારાષ્ટ્રના મુખ્ય સચિવની નૌકાએ પલ્ટી ખાધી

મહારાષ્ટ્રના મુખ્ય સચિવ દિનેશકુમાર જૈનને લઈ જઈ રહેલી નૌકા મુંબઈ તટ પાસે પલ્ટી ખાઈ ગઈ હતી. નૌકામાં સવાર તમામ લોકોને બચાવી લેવાયા છે. બચાવકાર્ય માટે હેલીકોપ્ટરની મદદ લેવાઈ હતી.

### ઈઝરાયેલ પાસેથી ડિફેન્સ સિસ્ટમ ખરીદશે

રશિયા સાથેની એસ-૨૦૦ એર ડિફેન્સ ડીલ બાદ ભારતે ઈઝરાયેલ પાસેથી આધુનિક મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ખરીદવાનો સોદો કર્યો છે. આ સોદો ૭૭૭ મિલિયન ડોલરનો થવાની સંભાવના છે.

### બીએસ-૪ વાહનોના રજીસ્ટ્રેશન પર પ્રતિબંધ

સુપ્રિમ કોર્ટે કહ્યું છે કે ૧લી એપ્રિલ ૨૦૨૦ પછી દેશમાં બીએસ-૪ સેગ્મેન્ટના કોઈપણ પ્રકારના વાહનોનુ રજીસ્ટ્રેશન કરવામાં આવશે નહી તે તારીખ પછી સમગ્ર દેશમાં બીએસ-૬ વાહનોનુ વેચાણ થશે.

### સાઉદીઅરબ પાકિસ્તાનને લોન આપશે

વિદેશી ચલણ સંકટ સામે ઝઝુમી રહેલા પાકિસ્તાનને સાઉદી અરબ સરકાર ત્રણ અબજ ડોલરનું ઋણ આપશે. આ ઋણ એક વર્ષ માટે આપવામાં આવશે.

### રાફેલ ડીલ માટે કોર્ટમાં

રાફેલ લડાકુ વિમાન ડીલ મામલે ભાજપના નેતાઓ યશવંત સિન્હા, અરૂણ શૌરી અને વરિષ્ઠ વકીલ પ્રશાંત ભૂષણ સુપ્રિમ કોર્ટ પહોંચ્યા છે. તેઓએ રાફેલ ડીલની તપાસ કરવાની દાદ માંગી છે.

# સીબીઆઈ પલ્ટાયુ સમરાંગણમાં

**કેન્દ્ર લાલઘુમ : : દેશ સ્તબ્ધ : આલોક વર્મા અને અસ્થાના બંનેને રજા પર મોકલ્યા : નાગેશ્વર રાવ સીબીઆઈના વચગાળાના ડિરેક્ટર તરીકે નિમાયા : સીબીઆઇમાં નંબર એક અને નંબર બેની લડાઇ વચ્ચે સીવીસીની ભલામણ મળતાની સાથે સરકારે કરેલો ખુબ કઠોર નિર્ણય**




નવીદિલ્હી, તા. ૨૪

સીબીઆઈની અંદર નંબર-૧ અને નંબર-૨ની લડાઈની વચ્ચે કેન્દ્ર સરકારે અતિ કઠોર વલણ અપનાવીને આખરે રાતોરાત જ તપાસ ટીમ બદલી નાંખતા ખળભળાટ મચી ગયો છે. મંગળવારે મોડી રાતથી લઈને આજે દિવસ દરમિયાન જોરદાર ઘટનાક્રમનો દોર જારી રહ્યો હતો. સીબીઆઈના ઈતિહાસમાં અગાઉ ક્યારેય ન બન્યા હોય તેવા ઘટનાક્રમ જોવા મળ્યા હતા. હજુ સુધી આ મામલામાં સમાધાનના પ્રયાસમાં લાગેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારે સીવીસીની ભલામણ મળતાની સાથે જ ખુબ જ કઠોર વલણ અપનાવીને સીબીઆઈના વડા આલોક વર્મા અને સ્પેશિયલ ડિરેક્ટર રાકેશ અસ્થાના બંનેને રજા પર મોકલી દીધા હતા. બીજી બાજુ વર્માની જગ્યાએ એમ નાગેશ્વર રાવને વચગાળાના ડિરેક્ટર તરીકેની જવાબદારી સોંપી દીધી હતી. રાવ સીબીઆઈમાં હજુ સુધી જોઈન્ટ ડિરેક્ટર તરીકે કામ કરી રહ્યા હતા. ૧૯૮૬ની બેંચના આઈપીએસ અધિકારી રાવ તેલંગાણાના

● અનુસંધાન પાન-૭ પર

## પ્રથમ વાર જ સીબીઆઈની ઓફિસને સીલ કરી દેવાઈ

**તમામ અધિકારઓને પરત મોકલી દેવામાં આવ્યા સંવેદનશીલ દસ્તાવેજો ન લઇ શકે તે માટે ઓફિસ સીલ**

નવી દિલ્હી,તા. ૨૪

સીબીઆઈના ઈતિહાસમાં ક્યારેય જોવા ન મળી હોય તેવી ઘટનાઓનો દોર ચાલી રહ્યો છે. ઈતિહાસમાં પ્રથમ વખત સીબીઆઈની ઓફિસને સીલ કરી દેવામાં આવી છે. કેન્દ્ર સરકારે અભૂતપૂર્વ કઠોર વલણ અપનાવીને સીબીઆઈની ઓફિસને સીલ કરવાનો આદેશ જારી કર્યો હતો. સવારમાં આજે જ્યારે તમામ

● અનુસંધાન પાન-૭ પર

## આલોક વર્મા પહોંચ્યા સુપ્રીમમાં

**સુપ્રીમ કોર્ટે અધિકારી આલોક વર્માની અરજીને સ્વીકારી લીધી : શુક્રવારે સુનાવણી થશે : સમગ્ર મામલાને સુપ્રીમ કોર્ટમાં લઇ જવા પ્રશાંત ભૂષણ પણ ઇચ્છુક : રાવને વચગાળાના ડિરેક્ટર બનાવવામાં આવતા ભૂષણ ખફા**

નવી દિલ્હી,તા. ૨૪

સીબીઆઈમાં આજે ઝડપથી ઘટનાક્રમનો દોર જારી રહ્યો હતો. કેન્દ્ર સરકાર દ્વારા પગલારુપે રજા પર મોકલી દેવામાં આવેલા આલોક વર્મા કેન્દ્ર સરકારના નિર્ણયની સામે નારાજગી વ્યક્ત કરીને તરત જ સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યા હતા. સુપ્રીમ કોર્ટમાં પહોંચેલા આલોક વર્માની અરજીને સ્વીકારી લેવામાં આવી છે. સુપ્રીમ કોર્ટે અરજીને સ્વીકારી લીધા બાદ હવે આ મામલામાં શુક્રવારના દિવસે સુનાવણી કરવામાં આવશે. સીબીઆઈના બે ટોચના અધિકારીઓ વચ્ચે ચાલી રહેલી લડાઈ વધુ ઘેરી બનતા પ્રતિષ્ઠિત સંસ્થાની અંદર જંગ હવે

● અનુસંધાન પાન-૭ પર

## સીબીઆઈમાં વ્યાપક બદલીથી બેડામાં ખળભળાટ

**અસ્થાના સામે તપાસ કરતા અધિકારી બદલાયા : અસ્થાના સામે તપાસમાં નવા અધિકારીઓને જવાબદારી**

નવી દિલ્હી, તા. ૨૪

કેન્દ્ર સરકાર દ્વારા સીબીઆઈના ટોપ અધિકારીઓને રજા ઉપર મોકલી દેવામાં આવ્યા બાદ એક પછી એક ઘટનાક્રમનો દોર શરૂ થયો હતો. નાગેશ્વર રાવે જવાબદારી સંભાળી લીધા બાદ સીબીઆઇના અધિકારીઓની મોટા પાયે બદલીનો દોર શરૂ થયો છે. તરત જ અનેક અધિકારઓની બદલી કરવામાં આવી છે. ડીએસપી સીબીઆઇ એકે બસ્સીને પોર્ટ બ્લેયર મોકલી દેવામાં આવ્યા છે. એડિશનલ એસપી સીબીઆઇ એસએસ ગુમની બદલી જબલપુરમાં કરવામાં આવી છે. સીબીઆઈના ડીઆઈજી મનીષ કુમાર, ડીઆઈજી તરૂણ ગૌબા અને અન્યોમની પણ બદલી

● અનુસંધાન પાન-૭ પર





જલિયાન જ્વેલર્સ
આ દિવાળી મનાવો જલિયાન સંગ
આજે જ પધારો...
પ્લોટ નં. ૧૫૨જ, આપના બજાર પાસે, જલારામ હોસ્પિટલની બાજુમાં, સેક્ટર - ૬, ગાંધીનગર
નં. ૯૭૨૫૭ ૨૨૨૨૪ | ૯૮૨૫૭ ૨૨૨૨૪

### ગાંધીનગરના પંજાબ હ્યુન્ડાઈ શો-રૂમ ખાતે

# નવી સેન્ટ્રોનું ધમાકેદાર લોન્ચીંગ

**ફેમિલી કાર સેન્ટ્રોના ચાહકો માટે આનંદના સમાચાર : ૨૫ જેટલા નવા ફિચર્સ સાથે પાંચ નવા મોડેલ : મેગ્ના અને સ્પોર્ટસ મોડેલમાં સીએનજીનો વિકલ્પ પણ ઉપલબ્ધ : પેટ્રોલમાં ૨૦.૩ કિમી અને સીએનજીમાં ૩૦.૪૮ કિમી માઈલેજ**

હ્યુન્ડાઈની ફેમિલી કાર સેન્ટ્રોના ચાહકો માટે આનંદના સમાચાર છે. ગાંધીનગરમાં આજે સાંજે સેક્ટર-૨૮ જીઆઈડીસી સ્થિત પંજાબ હ્યુન્ડાઈના શો-રૂમ પર 'ધ ઓલ ન્યુ સેન્ટ્રો-ટોલ બોય ડિઝાઈન' કારના નવા વર્ઝનનું લોન્ચીંગ યોજાયું હતું. ધમાકેદાર કાર્યક્રમમાં યોજાયેલા નવી સેન્ટ્રોના લોન્ચીંગ સાથે જ પંજાબ હ્યુન્ડાઈ મોટર્સને ૧૦૦ જેટલી કારનું બુકિંગ મળવા પામ્યું છે. સેન્ટ્રોના લોન્ચિંગ સાથે સેન્ટ્રો આકારની કેક પણ કટિંગ કરવામાં આવી હતી.

'સેન્ટ્રો' કાર ભારમમાં ફેમિલી કાર તરીકે લોકપ્રિયતા ધરાવતી હતી અને હ્યુન્ડાઈ મોટર્સ દ્વારા આ કારનું મોડેલ બંધ કરાતા અનેક ગ્રાહકો દ્વારા સતત સેન્ટ્રોને ફરી લોન્ચ કરવા માંગ કરી રહ્યા હતા. જો










કે હ્યુન્ડાઈ કંપની દ્વારા આ વર્ષે દિવાળી જેવા તહેવારના ટાણે જ સેન્ટ્રો કાર નવા ફિચર્સ સાથે ફરીથી લોન્ચ કરાતા કાર શોખીનોમાં આનંદની લાગણી પ્રસરવા પામી છે. ગાંધીનગરના હ્યુન્ડાઈ કારના વિક્રેતા પંજાબ હ્યુન્ડાઈના શો-રૂમ ખાતે સાંજે ૫.૩૦ કલાકે ઝાકમઝોળ ભર્યા ધમાકેદાર કાર્યક્રમમાં સેન્ટ્રોનું નવું વર્ઝન લોન્ચ કરાયું હતું. આ પ્રસંગે હ્યુન્ડાઈ મોટર્સના એરિયા સેલ્સ મેનેજર કુણાલ ગુપ્તા, પંજાબ હ્યુન્ડાઈ ગાંધીનગરના જનરલ મેનેજર ધર્મેશ શાહ તથા એચડીએફસી ઓટો ફાઈનાન્સના ડેપ્યુટી વાઈસ પ્રેસિડેન્ટ હિરેન વ્યાસે ઉપસ્થિત રહી સેન્ટ્રો કારને લોન્ચ કરી હતી. નવી સેન્ટ્રો કારમાં કંપની દ્વારા અઢળક નવા ફિચર્સ ઉમેરવામાં આવ્યા છે. જેમાં સીએનજી મોડેલનો પણ સમાવેશ થાય છે. નવી સેન્ટ્રોનો લુક પણ ખૂબ જ આકર્ષક અને પહેલી નજરે જોતા જ ગમી જાય તેવો બનાવાયો છે. તે સાથે કારના દરેક મોડેલ તદ્દન નવા ૬ કલરમાં ઉપલબ્ધ છે. ગ્રાહકો માટે ઓનલાઈન બુકીંગ સગવડ સાથે કેશબેક ઓફર સાથેના ફાઈનાન્સની સુવિધા પણ કંપની દ્વારા જાહેર કરવામાં આવી છે.

નવી સેન્ટ્રો કારમાં ૧.૧ લીપ્ટના પાવરફુલ એન્જિન સાથે મોડેલ છે જેમાં ડિલાઈટ, એરા, મેગ્ના, સ્પોર્ટસ અને એસ્ટાનો સમાવેશ થાય છે. આ પાંચ મોડેલમાંથી મેગ્ના અને સ્પોર્ટસ મોડેલ પેટ્રોલ ઉપરાંત એએમટી અને સીએનજી ફયુઅલ ઓપ્શન સાથે ઉપલબ્ધ છે. નવી સેન્ટ્રોના ફિચર્સની વાત કરીએ તો અગાઉની જેમ તેના સુપર એસી પરફોર્મન્સ સાથે રીઅર એસી વેન્ટસ પણ ઉમેરવામાં આવ્યા છે. આ ઉપરાંત ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરવામાં આવ્યો છે. જેમાં ૧૭.૬૪ સેમી ટચ સ્ક્રીન, ઓડિયો-વડિયો સીસ્ટમ, વોઈસ રેકગ્નિશન, સ્માર્ટફોન કનેકિટવિટી, ૬.૩૫ સેમી એડવાન્સ કલસ્ટર વીથ મલ્ટી ઈન્ફોર્મેશન ડિસ્પ્લે, ઈકો કોટિંગ, રિઅર પાર્કિંગ કેમેરા, ફ્રન્ટ રિઅરપાવર વિન્ડોઝ, ડે નાઈટ ઈન્સાઈ રિઅર વ્યુ મિરર, રિઅર ડિફોગર, રિઅર વાઈપર વીથ વોશર, યુએસબી પોર્ટ, ૧૨ વોટ પાવર આઉટલેટ જેવા ફિચર્સનો સમાવેશ થાય છે.

### પહેલા ૫૦ હજાર ગ્રાહકો માટે ખાસ ઓફર પ્રાઈસ

નવી સેન્ટ્રોમાં પાંચ પ્રકારના મોડેલ્સ પ્રસ્તુત કરવામાં આવ્યા છે જેમાં ડિલાઈટ, એરા, મેગ્ના, સ્પોર્ટસ અને એસ્ટાનો સમાવેશ થાય છે. મેગ્ના અને સ્પોર્ટસમાં કંપની સીએનજી ઉપરાંત એએમટી મોડેલ પણ ઉપલબ્ધ છે. નવી સેન્ટ્રોની કિંમત એક્સ શો રૂમ રૂ. ૩.૮૯ લાખથી શરુ કરીને રૂ. ૫.૬૪ લાખ સુધીની રાખવામાં આવી છે જે માત્ર નવી સેન્ટ્રોના પ્રથમ ૫૦ હજાર ગ્રાહકોને જ લાગુ પડશે ત્યારબાદ નવી કિંમત જાહેર કરાશે.

'પંજાબ હ્યુન્ડાઈની ગાંધીનગર ખાતેની સફર એકદમ પ્રભાવશાળી રહી છે અને અમે મહિને ૩૦ થી ૩૫ કારના વેચાણથી શરૂ કરેલ આજે મહિને ૨૦૦ કારના વેચાણ સુધી પહોંચ્યા છીએ. અહીં સારૂ એવું માર્કેટ શેર ધરાવે છે. અમારી આ સફળતાનું રહસ્ય અમારા ગ્રાહકોનો વિશ્વાસ છે અને સેન્ટ્રો અગાઉ પણ અમારા ગ્રાહકોની પ્રથમ પસંદગી હતી. નવી સેન્ટ્રોના લોન્ચિંગ સાથે જ અમને ૧૦૦ કારનું બુકિંગ મળી ગયું છે. તેમજ હજુ ઓનલાઈન ઈન્કવાયરી ચાલુ જ છે. ગ્રાહકોના આ પ્રેમ બદલ અમો તેમના આભારી છીએ.'

- ધર્મેશ શાહ, જનરલ મેનેજર
પંજાબ હ્યુન્ડાઈ, ગાંધીનગર

### નવા ફિચર્સ સાથે વધુ મજબુત બોડી

ધ ઓલ ન્યુ સેન્ટ્રો-ટોલ બોય ડિઝાઈનમાં ૧.૧ લીટરના પાવરફુલ એન્જિન સાથે પેટ્રોલમાં ૨૦.૩ કિમી અને સીએનજીમાં ૩૦.૪૮ કિમીની માઈલેજનો દાવો કરાયો છે. આ સાથે નવી સેન્ટ્રોમાં ૭''ની એવી પ્લસ એન ઈન્ફોટેઈમેન્ટ સીસ્ટમ, ઈકો કોટિંગ ટેકનોલોજી, રિઅર પાર્કિંગ કેમેરા, રિઅર એસી વેન્ટ, ફેકારી ફીટેડ સીએનજી, સ્માર્ટ ઓટો એએમટી જેવા ફિચર્સ સાથે કારની બોડીને ૬૩ ટકા એડવાન્સ હાઈસ્ટ્રેન્થ સ્ટીલ થી બનાવાઈ છે જે મજબુત બોડી સાથે સુરક્ષા પ્રદાન કરશે.